# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　　　　તા. ૩૦-૦૭-૨૦૨૩

- **એક પછી એક આગની ઘટનાઓ બાદ પણ હોસ્પિટલો અને વહીવટીતંત્ર ગુન્હાહીત બેદરકારી દાખવી રહી છે. ભ્રષ્ટાચારી તંત્રની લાપરવાહીને લીધે અનેક હોસ્પીટલોમાં ફાયરસેફ્ટીની વ્યવસ્થા માત્ર દેખાવ પૂરતીઃ ફાયરસેફ્ટીની મંજૂરીમાં પણ અનેક છીંડા-ગોઠવણો.**
- **૩૦ વર્ષથી ગુજરાતમાં સત્તા ભોગવતી ભાજપાના શાસકોની ભ્રષ્ટ નીતિરીતિને કારણે નાગરિકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છેઃ ડૉ. મનિષ દોશી.**

એક બાદ એક હોસ્પિટલમાં બનતી આગની ઘટનાઓના વચ્ચે રાજસ્થાન હોસ્પીટલમાં લાગેલ ભારે આગના કારણે તંત્રની લાપરવાહી - સુરક્ષા પ્રત્યે આંખ આડા કાનની નિતિ ખુલ્લી પડી હોવાના આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, અમદાવાદની રાજસ્થાન હોસ્પીટલના બેઝમેન્ટમાં આગ લાગવાની દુર્ઘટના દુઃખદ છે. આગની ઘટનાને કારણે હોસ્પીટલોમાં દાખલ ૧૦૦ થી વધુ દર્દીઓ અને તેના પરિવારોમાં ભયની લાગણી પ્રસરી હતી. અગાઉ પણ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતની હોસ્પીટલોમાં આગની દુર્ઘટનાઓ સામે આવી હતી અને તેમાં પણ લોકોએ જીવ ગુમાવ્યા છે. છતાં સરકાર અને તંત્ર દ્વારા હોસ્પીટલોમાં ફાયરસેફ્ટી અંગે જે ગુન્હાહિત બેદરકારી દાખવવામાં આવી રહી છે તે ચિંતાનો વિષય છે. આગની ઘટનાઓ બાદ પણ હોસ્પિટલો બેદરકારી રાખે છે. આગ લાગ્યા બાદ પણ હોસ્પિટલો જાગતી નથી. લોકો સ્વસ્થ થવા માટે હોસ્પિટલમાં આવે છે, ત્યારે સ્વસ્થ થવાના બદલે લોકો આગમાં હોમાઈ જાય તે કેટલે અંશે વ્યાજબી છે ? દુર્ઘટનાઓમાં જેમણે સ્વજન ગુમાવ્યા હોય તેને જ સાચુ દુઃખ ખબર હોય છે. સરકારે હોસ્પિટલોને લૂંટનું સાધન બનાવ્યું છે. અગાઉ શ્રેય હોસ્પિટલ સહિત અનેક હોસ્પિટલમાં માનવ જીંદગી હોમાવા છતા સરકાર જાગતી નથી, અમદાવાદની અગાઉની ૯ ઘટના બાદ પણ સરકાર સુધરવાનું નામ નથી લેતી. થોડા મહિના અગાઉ આજ હોસ્પિટલને લઈને સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. અગ્નિકાંડ બાદ પણ હજુ તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. રેસિડન્સમાં ગેરકાયદેસર હોસ્પિટલના સત્તાધીશોને તંત્ર છાવરે છે.

અમદાવાદ, સુરત, જામનગર, રાજકોટ બાદ અમદાવાદની વધુ એક હોસ્પિટલમાં આગની ઘટના છતાં હજુ પણ ગેરકાયદેસર બાંધકામ કરેલા હોસ્પિટલમાં તંત્ર કુંભકર્ણની નિદ્રામાં ઊંઘી રહ્યું છે. તપાસનાં નામે નાટક જોવા મળી રહ્યો છે ત્યારે અકસ્માતો અને આગની દુર્ઘટનાઓ બની ગયા પછી કાગળ પર કામગીરી કરનાર વહીવટીતંત્ર નક્કર કામગીરી કરે તો જ દુર્ઘટનાઓને નિવારી શકાય અને મહામૂલી માનવ જીંદગી બચાવી શકાય.

(ડૉ. મનિષ એમ. દોશી)
કન્વીનર અને પ્રવક્તા